## ૪૪ ડિગ્રી ગરમીમાં શિક્ષકોએ ધરણાં યોજી રેલી કાઢી

# સાબરકાંઠા, અરવલ્લીમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ સાથે પ્રા.-માધ્યમિક શિક્ષકોએ આવેદનપત્ર આપ્યાં

## રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન સંયુક્ત મોરચા દ્વારા વિરોધ







બાયડ (બ્યુરો એફિસ) તા.૦૯

નવી પેન્શન યોજનાના કારણે કર્મચારીઓને જીવન નિર્વાહ કરવા અત્યંત મુશ્કેલ છે જેથી જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન સંયુક્ત મોરચાના વડપણ હેઠળ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૪૪ ડિગ્રી ધગધગતી ગરમીમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોએ ધરણા-રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપી જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષકોના અનેક પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં શિલાકોમાં રોષ વધી રહ્યો છે. ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, મા. અને ઉ.મા. શિક્ષક સંઘ દ્વારા પણ શિક્ષકોના પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે જોરદાર અવાજ ઉઠાવવામાં આવ્યો છે. શિક્ષકો દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવાની લાંબા સમયથી માંગનો સ્વીકાર થતો નથી જેથી શિક્ષકોએ આ વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવવાની છે ત્યારે આરપારનો જંગ લડવાનો નિર્ણય કરી અત્યારથી જ પોતાની માંગ મુદ્દે આક્રમક્તા શરુ કરી છે. સાબરકાંઠા, અરવલ્લીના વડામથક હિંમતનગર અને મોડાસામાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી માટે શિક્ષકો એકત્ર થયા પછી ધરણાં યોજ્યાં હતાં અને રેલી કાઢી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યો છે. ધામધખતા તાપમાં પણ જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. સરકારે પણ શિક્ષકોની જૂની પેન્શન યોજનાનો સ્વીકાર કરવો જોઈએ તેવું જિલ્લાની પ્રજા ઈચ્છી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આવેદનપત્ર આપતા અગાઉ જિલ્લા મથકોએ પ્રા.શિક્ષકોએ ધરણાં યોજી અને ત્યારબાદ રેલી નિકળી હતી. અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના નેજા હેઠળ ધરણાં યોજી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## અરવલ્લી જિલ્લામાં નવોદય વિદ્યાલયની એલ.ઈ.એસ.ટીની પરીક્ષા કુલ ૩ કેન્દ્રો પર યોજાઈ




ધનસુરા જવાહર નવોદય વિદ્યાલય ખાતે ૯ મા ધોરણ મા ખાલી પડેલ જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ હતી. આ માટે એલ.ઈ.એસ.ટી (લેટ્રલ એન્ટ્રી સિલેક્શન ટેસ્ટ) ૨૦૨૨ ની પરીક્ષા યોજાઈ હતી ૯ મા ધોરણ માં ખાલી જગ્યા ઓ પર પ્રવેશ માટે અરવલ્લી જિલ્લામાં આ પરીક્ષા યોજાઈ હતી જેમાં જિલ્લાના ૬ તાલુકાઓના વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી.અરવલ્લી જિલ્લામાં ૩ કેન્દ્રો પર આ પરીક્ષા યોજાઈ હતી ધનસુરા જવાહર નવોદય વિદ્યાલય,ધનસુરા ઓધવ વિદ્યામંદિર અને આદર્શ વિદ્યાવિહાર ઊજળેશ્વર ખાતે આ પરીક્ષા યોજાઈ હતી આ પરીક્ષા અરવલ્લી જિલ્લા કલેક્ટર ના માર્ગદર્શન હેઠળ જવાહર નવોદય વિદ્યાલય ના પ્રિન્સીપાલ શ્રી પ્રવિંદ ક્રિષ્નન ની દેખરેખ માં યોજાઈ હતી જેમાં વિદ્યાર્થી ઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અરવલ્લી કલેક્ટર તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ના સહકાર થી પરીક્ષા યોજાઈ હતી.

## પ્રાંતિજના મજરા ખાતે મકાનની દિવાલ ધરાશયી થતા મજુર યુવકનુ મોત



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા ખાતે એક મકાન ના રીનોવેશન નુ કામ ચાલી રહ્યુ હતુ અને જે દરમ્યાન વર્ષો જુની પુરાણી દિવાલ ગસી પડતા એક મજુર યુવક કાટમાળ નીચે દટાતા મોત નિપજયુ હતુ. પ્રાંતિજના મજરા ખાતે રહેતા કાંતિભાઈ જેસીંગભાઈ પટેલ ના મકાન નુ રીનોવેશન નુ કામ ચાલુ હોય જેમા રાજસ્થાન ના ડુંગરપુર નો યુવક પોતાના પરિવાર સાથે કડિયાકામ મજુરી કરતો હોય જે થયેલ કામ ઉપર સવારે પાણી નો છંટકાવ કરતો હોય અચાનક વર્ષો પુરાણી જુની દિવાલ ધરાશાયી થતા મજુર યુવક નરેશભાઈ મીઠાભાઈ બરંડા ઉમર વર્ષ-૧૯ ?રહે ડુંગરપુર ઉપર દિવાલ નો કાટમાળ ધરાશાયી થતા નરેશભાઈ મીઠાભાઈ બરંડા દિવાલ ના કાટમાળ નીચે દટાયો હતો તો બુમાબુમ થતા આજુબાજુ ના રહીશો સહિત મંડળી ના ચેરમેન દશરથભાઈ પટેલ તથા સરપંચ વિજય સિંહ પટેલ સહિત લોકો દોડી આવ્યા હતા અને અડધો કલાક ની જહેમત બાદ કાટમાળ નીચે દટાયેલ યુવક નરેશભાઈ ને બહાર કાવ્યો હતો અને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે લઈ જવામા આવ્યો હતો જયા હાજર તબીબી દ્વારા યુવક ને મૃત જાહેર કર્યો હતો તો ત્રણ બહેનો વચ્ચે એક ના એક લાડક વાયા ભાઈ નુ મોત થતા પરિવાર ઉપર આભ ફાટયુ હતુ તો મંડળી ના ચેરમેન દ્વારા આ ઘટના મા મૃતક પામેલ પરિવાર ને મદદત મળે તે માટે પંચાયત તથા પ્રાંતિજ ટી.ડી.ઓ નિતિનભાઈ ચૌધરી પણ આ ગરીબ પરીવાર ને સરકારી સહાય મળી રહે તે માટે રજુઆતો કરવામા આવી હતી

## પાલનપુર પાલીકા દ્વારા ત્રણ રીડિંગ લાયબ્રેરીમાં ઓચિંતી તપાસ કરાઈ

પાલનપુર શહેરમાં વિવિધ જગ્યાએ વિસ જેટલી રીડિંગ લાયબ્રેરીઓ આવેલી છે .જેમાં ફાયરસેફટી તેમજ સેનિટેશન સુવિધાનો અભાવ અને મોટાભાગની લાયબ્રેરી પાસે ગુમાસ્તા ધારાના લાયન્સસ ન હોવાની ફરિયાદો ઉઠતા નગરપાલિકા તંત્ર સફાળુ જાગી ઉઠ્યું હતું . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ત્રણ લાયબ્રેરીમાં ઓચિંતી તપાસ કરતા ગંભીર બેદરકારી સામે આવતા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલનપુરમાં શહેરમાં વિસ જેટલી રીડિંગ લાયબ્રેરીઓ આવેલી છે જ્યાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ તગડી ફી ચૂકવીને વાંચન તેમજ અભ્યાસ કરવા જઈ રહ્યા છે જોકે આ ખાનગી લાયબ્રેરીઓ પૈકીની મોટા ભાગની લાયબ્રેરી પાસે ગુમાસ્તા ધારા ના લાયસન્સ તેમજ આગ જેવી હોનારત સમયે રક્ષણ મેળવવા ફાયર સેફટી અને સેનિટેશન સુવિધાઓ નો અભાવ હોવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા આ રીડિંગ લાયબ્રેરીમાં આવતા વિદ્યાર્થીઓની સલામતી સામે ખતરો ઉભો થતા આ લાયબ્રેરીઓ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠતા મંગળવારે નગરપાલિકા ફાયર, ગુમાસ્તા ધારા વેરા વસુલાત અને સેનિટેશન વિભાગની સંયુક્ત ટીમો દ્વારા ત્રણ લાયબ્રેરી ની ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ફાયરસેફટી અને સેનિટેશન સહિત સુવિધાઓ નો અભાવ જણાતા આ ત્રણ લાયબ્રેરી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

## ધનસુરા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ યાત્રા આવતા સ્વાગત કરાયું

અરવલ્લી જિલ્લા ના ધનસુરા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ યાત્રા આવતા સ્વાગત કરાયું હતું સ્વતંત્રતા સેનાનીઓના સન્માન સમી આઝાદી કા અમૃત મહોત્સવ યાત્રા યોજવામાં આવી છે ભાજપ દ્વારા આ યાત્રા ૬ થી ૨૬ એપ્રિલ સુધી યોજવામાં આવી છે આ યાત્રા અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે આવી પહોંચી હતી.જેમાં ભાજપ યુવા મોરચા ના પ્રદેશ અધ્યક્ષ ડૉ. પ્રશાંતભાઈ કોરાટ યાત્રા સાથે ધનસુરા પહોંચતા યુવા મોરચા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ મોટી સંખ્યામાં બાઈક રેલી સાથે આવેલ યાત્રા નું ધનસુરા ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું.અને ભાજપ યુવા મોરચા ના હોદ્દેદારો અને કાર્યકર્તા ઓ આ યાત્રા માં જોડાયા હતા. આ યાત્રા ધનસુરા ચાર રસ્તા ખાતે પહોંચતા ફટાકડા ફોડી સ્વાગત કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ ,યુવા મોરચા ના પ્રમુખ અમિષ ભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા ના મહામંત્રી અવધેશ પટેલ, ધનસુરા યુવા મોરચા ના પ્રમુખ દુષ્યંત પટેલ,હરેન્દ્રસિંહ સોલંકી મહામંત્રી ધનસુરા તાલુકા ભાજપ યુવા મોરચો અને ભાજપ ના યુવા મોરચા ના હોદ્દેદારો ભાજપ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



### હવામાન વિભાગનું યલો એલર્ટ

## ઉત્તર ગુજરાતમાં આગ ફૂંકતી ગરમીથી ધંધા-રોજગારોને અસર

### બપોર પડતાં બજારોમાં જનતા કરફ્યુ જેવો માહોલ

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૯

ઉત્તર ગુજરાતના આકાશમાંથી ગરમીના સ્વરુપમાં અગનગોળા વછૂટી રહ્યા છે. તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને આવ્યા પછી હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા પછી વિપરીત અસર ધંધા-રોજગારો ઉપર જોવા મળી. બપોર પડતા અસહ્ય ગરમીના કારણે બજારોમાં જનતા કરફ્યુ જેવો માહોલ ઉભો થયો છે. પ્રજા ગરમીથી બચવા ગરમી બહાર નીકળવાનું ટાળી રહી છે જેના કારણે બજારોમાં ઘરાકી ઘટી છે.

સમગ્ર ઉત્તર ગુજરાતમાં આ વખતે એપ્રિલ મહિનામાં ઉનાળો આગ ફૂંકવા લાગ્યો છે. સવાર પડતાં જ તાપમાનનો પારો ઉંચકાતો હોવાથી અસંખ્ય લોકો સનસ્ટ્રોકના સકંજામાં આવી ગયા છે. અસહ્ય ગરમીના કારણે બીમારીનું પ્રમાણ ઉંચકાયું છે. જ્યારે હવે જન આરોગ્ય માટે જોખમી બનેલી ગરમી ધંધા રોજગાર માટે માટે પણ નુકસાર રુપ સાબિત થઈ છે. તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબી જતાં પ્રજા કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળી રહી છે. એપ્રિલ મહિનામાં સરેરાશ તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. જેના કારણે ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગહી બાદ તાપમાનનો પારો ઉંચકાતા હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે. અસહ્ય ગરમીની અસર ધંધા-રોજગારોને થવા લાગી છે. બજારોમાં છેલ્લા ૪ દિવસથી ગ્રાહકોની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો છે. બપોર પડતાં જ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના માર્ગો સુમસામ બની રહ્યા છે. બજારોમાં પણ ગ્રાહકોની અવર-જવર ખાસી ઘટી જતાં વેપારીઓ બપોરના સમયે દુકાનમાં જ પંખા, એ.સી., કૂલર ચાલુ રાખી નવરાધૂપ બેસી રહેલા જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા ગરમીનો પારો હજું ઉંચકાશે તેવી સંદેહના સાથે ઉત્તર ગુજરાતમાં અપાયેલા યલો એલર્ટ પછી તમામ બજારોમાં બપોરે સુનામી જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

### ઠંડા પીણા બજારમાં દૈનિક ૩૫ લાખથી વધુનો વેપાર




ઉત્તર ગુજરાતમાં ગરમીથી અન્ય ધંધા-રોજગારની દશા બેઠી છે પરંતુ ઠંડા પીણા બજારમાં ધિક્તો ધંધો જોવા મળ્યો. ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં ઠંડા પીણા બજારમાં દૈનિક ૪ ૩૫ લાખથી વધુનો વેપાર હોવાનું જાણવા મળ્યું છે. બપોરે મોટાભાગનો સમુદાય શેરડીનો રસ તેમજ ઠંડા પીણાના કોલા ઉપર અને સાંજ ઢળતાં બરફ ગોલા તેમજ આઈસ્ક્રીમ, લસ્સી વેચતા પાર્લર ઉપર જોવા મળે છે. સાંજે ૮-૦૦ થી રાત્રે ૧૧-૦૦ સુધી ઠંડા પીણા બજારમાં ચિક્કાર ઘરકી જોવા મળી છે.

### ખાનગી હોસ્પિટલોમાં દર્દીમાં વધારો

## કાળઝાળ ગરમી - જિલ્લામાં એક દિવસમાં ગરમીના કારણે ગભરામણના ૨૦૦થી વધુ કેસ નોંધાયા

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૯

જિલ્લામાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળતાં પ્રજામાં દહેશતનો માહોલ છે. જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન ગરમીના કારણે ગભરામણના ૨૦૦ થી વધુ કેસ નોંધાયા છે. ખાનગી હોસ્પિટલોમાં ગભરામણના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો ભીષણ ગરમીના સકંજામાં આવી ગયો છે. સતત ગરમી પ્રકોપના કારણે પ્રજા, પશુ-પંખી વિહવળ જણાઈ રહ્યા છે. છેલ્લા ૨ દિવસથી સવારથી બફારા સાથે ગરમી પ્રકોપ શરુ થાય છે અને મોડી રાત્રિ સુધી પ્રજા ગરમીના કારણે વ્યાકુળ થતી જોવા મળે છે. ત્યારે જિલ્લાના બાયડ, મોડાસા, ભિલોડા, માલપુર પંથકમાં અસહ્ય ગરમીના કારણે ગભરામણના દર્દીઓને તાબડતોબ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આવ્યા પછી પ્રજા માટે ગરમી સહન કરવી અસહ્ય થઈ ગઈ છે. જે પણ દર્દીઓને બાયડ, મોડાસા, પ્રાંતિજ, હિંમતનગર, ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા તેમને છાતીમાં દુખાવા સાથે ગભરામણ થતી હોવાની ફરિયાદ કરી છે. સ્થાનિક તબીબોના જણાવ્યા અનુસાર ઉનાળા દરમ્યાન આ પ્રકીયા સામાન્ય હોય છે જેથી પ્રજાએ શક્ય હોય ત્યાં સુધી સુતરાઉ કપડાં પહેરવાં, વધુ પડતા પાણીનો ઉપયોગ કરવો અને અનિવાર્ય ન હોય તો સવારે ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી બહાર જવાનું ટાળવું જોઈએ.

### બાળકો, વૃદ્ધો માટે ગરમી આફતરુપ - તબીબો



જિલ્લાના ખાનગી તબીબોના જણાવ્યા અનુસાર તાપમાનનો પારો ૪૨ ડિગ્રીથી વધુ ઉપર જાય એટલે બાળકો અને વૃદ્ધોનું શરીર અસહ્ય તાપમાન સહન કરતો નથી અને બિમારીમાં પટકાઈ પડતા હોય છે. વધતી ગરમી બાળકો અને વૃદ્ધો માટે આફતરૂપ હોવાનું જણાવ્યું છે.

## રામપુરામાં પૌરાણિક સિકોતર માતાના નવીન મંદિર ખાતે મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન



પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા ખાતે ચારસો વર્ષ પૌરાણિક ખીજડાવાળા વહાણવટી સિકોતર માતાના નવીન મંદિર ખાતે મૂર્તિઓનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આજે વિધિવિધાન મુજબ સંપન્ન થયો હતો આ મહોત્સવ માં રાજસ્થાન ગુજરાત સહિતના પ્રદેશોમાંથી હજારો ભકતો ઉમટી પડી માતાજીના ઉત્સવ માણી દર્શન અને મહાપ્રસાદ નો લાભ લીધો હતો.

પ્રાંતિજ તાલુકાના રાણપુરા ખાતે યોજાયેલ ત્રિદિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ના છેલ્લા દિવસે ગુજરાત રાજ્ય ના પૂર્વ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, કૃષિ પશુપાલન મંત્રી રાઘવજી પટેલ , અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ દિપસિહ રાઠોડ, કોંગ્રેસના મા.ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ તેમજ અમદાવાદ ગાંધીનગર ના બિલ્ડરો એ હાજર રહી પ્રસંગ ને અનુરૂપ ઉદબોધન કર્યા હતા આ મંદિરમાં જેમનો અમૂલ્ય સિંહફાળો છે એવા અશ્વમેઘ પરિવાર ના બાબુભાઈ પટેલ , વહાણવટી માતાજી મંદિર ના સેવક ડાહ્યાભાઈ પ્રજાપતિ, ઉપાસક મનુભાઈ ઈશ્વરભાઈ નાયી તેમજ સેવાકીય ભક્તોનું નિતિનભાઈપટેલ, રાધવજી તેમજ ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા સન્માન કર્યું હતું. ડો અતુલભાઈ નાયક દ્વારા આવકાર પ્રવચન કરવામાં આવ્યું હતુ ત્રિદિવસિય આ ભવ્ય મહોત્સવ માં લાખો ભક્તો એ દર્શન અને મહાપ્રસાદ નો લાભ લીધો હતો.

### મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં વધુ એક ફરિયાદ


## ભૂખેલ-ચોઈલા રોડના ડામર કામમાં નબળા કામની ફરિયાદ

### ક્વોલીટી વિભાગ દ્વારા તપાસની માંગ

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૯

બાયડ તાલુકાના ભૂખેલ-ચોઈલા રોડના ડામર કામમાં ટેન્ડર પ્રમાણે કામ થતું નથી તેવી ફરિયાદ ઉઠતાં તંત્ર હરકતમાં આવ્યું છે. ફરિયાદ પછી ક્વોલીટી વિભાગ દ્વારા તપાસ થશે કે કેમ..?? તેને લઈને કેટલાક જાગૃત લોકોએ આશંકા વ્યકત કરી છે. કામ અટકાવી દેવા ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા પંચાયત આર. એન્ડ બી. વિભાગ દ્વારા નબળું કામ થતું હોય ત્યાં તપાસ કરી કામ અટકાવી કેટલાક કિસ્સાઓમાં ડામર પાથર્યો હોય છતાં પણ ઉખેડી નંખાવી નવેસરથી કામગીરી કરાવ્યાનું જાણવા મળ્યું છે ત્યારે મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અંદાજીત રુ ૫૩ લાખના ખર્ચે ભૂખેલ- ચોઈલા રોડ ઉપર ડામર કામ થઈ રહ્યું છે જેમાં રોડ બનાવતી એજન્સી એલ.જી. ચૌધરી ટેન્ડરની શરત પ્રમાણે જાડાઈ રાખવામાં આવી નથી તેવો સ્થાનિકોએ આક્ષેપ કરી ડામર કામની ગુણવત્તાની તપાસ કરવા માંગ કરી છે. કેટલાક શિક્ષિત યુવાનો રોડનું કામ ચાલતું હતું ત્યાં પહોંચ્યા હતા અને રોડની થીકનેશ યોગ્ય છે કે કેમ..?? તે જાણવાનો પ્રયાસ કર્યો પરંતુ સ્થાનિક કોન્ટ્રાક્ટરે તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ તેમ જણાવતાં સંજય જયસ્વાલ સહિત સ્થાનિક યુવાનોએ રોડના કામની ગુણવત્તા બાબતે તપાસ કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.






### એજન્સીનું કામ યોગ્ય - વિભાગ

આર. એન્ડ બી. વિભાગના મદદનીશ ઈજનેરે જણાવ્યું કે રોડનું કામ કરતી એલ.જી.ચૌધરી એજન્સીનું કામ ગુણવત્તાયુક્ત છે લોકોના આક્ષેપ ખોટા છે.




જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ અને જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ સાહેલી દ્વારા ૭મી એપ્રિલ ‘વિશ્વ આરોગ્ય દિન’ નિમિત્તે વિશ્વા હોસ્પીટલ બાયડ ખાતે જરૂરિયાતમંદ દર્દીઓ ને ફ્રુટ (કેળા, સફરજન, ચીકુ, મોસંબી) બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું અને જલ્દી સાજા થઈ જાવ તેવી શુભેચ્છા પાઠવી. આ પ્રસંગે ગ્રુપ એક્સટેંશન ડાયરેકટર ડૉ. મિનેશભાઈ ગાંધી, સાહેલી પ્રમુખ વંદનાબેન પટેલ, (એન સી એફ)એરિયા ચીફ ધર્મેશ સોની, ફેડરેશન ઓફિસર કુમુદભાઈ ભાવસાર, યુનિટ ડાયરેકટર ગિરીશ પટેલ, જાયન્ટસ સભ્ય કાર્તિકભાઈ પટેલ, સાહેલી પૂર્વ પ્રમુખ ભારતી સોની, મંત્રી શૈલેષ ભાટીયા ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



મિતેશ એસ .પટેલ
આકરુન્દ તા.ધનસુરા



ડો. ધર્મેશ શાહ
ડેમાઇ તા.બાયડ